सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ | ૧૬/૦૧/૨૦૨૬ | | |
| દાખલ તારીખ | ૧૬/૦૧/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | ૧૭/૦૬/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૦ | ૦૫ | ૦૧ |

**IN THE COURT PRINCIPAL CIVIL JUDGE & J.M.F.C AT, PADDHARI, DIST. RAJKOT**

**CMA No./02/2026**

**Exhibit No.**17

| | |
|---|---|
| અરજદાર :– | **જયશ્રીબેન હસમુખભાઈ ભેસાણીયા**<br>ધર્મે–હિન્દુ, ઉ.વ.–પુખ્ત, ધંધો–ગૃહકાર્ય, રહે. મંત્રી સોસાયટી, ઉના, જુનાગઢ, ગુજરાત - ૩૬૨૫૬૦. |
| અરજદાર તરફે વિ.વ.શ્રી | બી.ટી.ગોહેલ |
| સામાવાળા | – કોઈ નથી – |

**બાબત – બોમ્બે રેગ્યુલેશન – VIII, ૧૮૨૭ તથા સિવિલ મેન્યુઅલ પેરા–૨૫૪ મુજબ વારસા પ્રમાણપત્ર મેળવવા બાબત અરજ.**

## JUDGMENT

**અરજદારીની અરજીની ટૂંકમાં હકીકત નીચે મુજબ છે. :–**

1. સદર કામના ગુજરનાર અરજદારનાં પતિ હસમુખભાઇ શંભુભાઈ ભેસાણીયા તા.૨૪/૦૩/૨૦૧૭ ના રોજ બિનવસયતી ગુજરી જતાં તેઓનાં નામે આવેલ સ્થાવર મિલકતનું બોમ્બે રેગ્યુલેશન – **VIII,** ૧૮૨૭ તથા સિવિલ મેન્યુઅલ પેરા–૨૫૪ મુજબનું વારસા પ્રમાણપત્ર મેળવવા બાબત હાલની અરજ અત્રેની કોર્ટમાં ગુજારેલ છે.
2. અરજદારએ હાલની અરજી કરી જણાવેલ છે કે, ગુજરનાર હસમુખભાઈ શંભુભાઈ ભેસાણીયાએ અરજદારનાં પતિ થાય છે અને અરજદાર ગુજરનારનાં સીધી લીટીનાં વારસ છે. વધુમાં, જણાવેલ છે કે, નીચે

મુજબ ગુજરનારની માલિકી કબજા ભોગવટાની સ્થાવર મિલકત આવેલ છે.

### – મિલકતનું વર્ણન –

### પરિશિષ્ટ

ગુજરનાર હસમુખભાઈ શંભુભાઈ ભેસાણીયાની સ્વતંત્ર માલીકીની સ્થાવર મિલકત, ગુજરાત રાજ્યના રજીસ્ટ્રેશન ડિસ્ટ્રિકટ રાજકોટના સબ-ડિસ્ટ્રિકટ, પડધરીના ગામ ઈશ્વરીયાનાં રે.સર્વે નં.૧૪ પૈકી ૧ તથા રે.સર્વે નં.૧૪ પૈકી ૨ એમ બન્ને સર્વે નંબર મળી કુલ જમીન એકર ૫-૩૮ ગુંઠા બરાબર હેકટર-૨ આરે-૪૦ ચો.મી.-૭૮ ની રહેણાંકનાં હેતુ માટેની બિનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી "વ્રજ-ભુમી" તરીકે ઓળખાતી જમીનનાં પ્લોટસ પૈકી પ્લોટ નં. ૫૨ ની જમીન ચો.વા.આ. ૧૦૬-૧૭ : ચો.મી.આ. ૮૮-૭૭ આવેલ છે. જે પ્લોટની ચર્તુઃસીમા નીચે મુજબ છે.

ઉતરે - પ્લોટ નં.૫૧ ની જમીન આવેલ છે.
તે તરફ માપ મીટર ૧૬-૭૫ છે.

દક્ષિણ - કોમન પ્લોટ નં. ૧ ની જમીન આવેલ છે.
તે તરફ માપ મીટર ૧૬-૭૫ છે.

પુર્વે - પ્લોટ નં.૫૩ ની જમીન આવેલ છે.
તે તરફ માપ મીટર ૫-૩૦ છે.

પશ્ચિમે - ૯-૦૦ મીટરનો રસ્તો આવેલ છે.
તે તરફ માપ મીટર ૫-૩૦ છે.

3. આમ, ઉપરોક્ત શીડ્યુલ મુજબની મિલકત આપવા સામે કોઈ વાંધો હોય તો તે રજુ કરવા અંગેની જાહેર નોટીસ "આજકાલ" વર્તમાનપત્રમાં તા.૨૨/૦૧/૨૦૨૬ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ અને તા.03/03/૨૦૨૬ ના રોજ સવાર ૧૧–૦૦ વાગ્યાનાં લેખીતમાં વાંધા સાથે હાજર રહેવા અને તેમ કરવામાં કસુર થયેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે તે મુજબની જાહેર નોટીસ પ્રસિદ્ધ કરવામાં આવેલ. જે જાહેર નોટીસની એક અસલ પ્રત સદરહું કામે આંક–૧૫ થી રજુ કરવામાં આવેલ છે. ત્યારબાદ સદરહું જાહેર

નોટીસ સબંધે કોઈપણ વ્યક્તિ કે સંસ્થા તરફથી હાલના કામના અરજદારને હેરશીપ સર્ટીફિકેટ આપવા સામે કોઈ વાંધા રજુ કરવામાં આવેલ નથી. જેથી સદર અરજી બીનતકરારી થતાં અત્રેની કોર્ટને સદરહું અરજીની સુનવણીની સંપુર્ણ હકુમત હોય હાલની અરજી લગત આગળની કાર્યવાહી કરવામાં આવેલ છે.

4. અરજદાર તરફે હાલની અરજીની કાર્યવાહી લગત પોતાની અરજીનાં સમર્થનમાં નીચે મુજબનાં દસ્તાવેજી તથા લેખિત પુરાવાઓ રજુ કરેલ છે. જે નીચે મુજબ છે.

| **ક્રમ નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૦૧. | ધારા ડો.ઓ. હસમુખભાઈ ભેસાણીયા વા.ઓ. હેમલ જુલસણાનું સોગંદનામું | ૦૬ |
| ૦૨. | પ્રજકુમાર હસમુખભાઈ ભેસાણીયાનું સોગંદનામું | ૦૭ |
| ૦૩. | જયશ્રીબેન હસમુખભાઈ ભેસાણીયાનું પુરાવાનું સોગંદનામું | ૦૮ |
| ૦૪. | ગુજ. હસમુખભાઈ શંભુભાઈ ભેસાણીયાનું મરણનું પ્રમાણપત્ર | ૧૦ |
| ૦૫. | રજી. વેચાણ દસ્તાવેજની પ્રમાણીત નકલ | ૧૧ |
| ૦૬. | ગામ નમુના નં.૨ ની પ્રમાણીત નકલ | ૧૨ |
| ૦૭. | વારસાઈ આંબો | ૧૩ |
| ૦૮. | વેલ્યુએશન રીપોર્ટ | ૧૪ |
| ૦૯. | આજકાલ વર્તમાનપત્રમાં આપેલ જાહેર નોટીસની અસલપ્રત | ૧૫ |
| ૧૦. | ક્લોઝીંગ પુરસીસ | ૧૬ |

5. અરજદારએ હાલની અરજી બોમ્બે રેગ્યુલેશન – **VIII,** ૧૮૨૭ તથા સિવિલ મેન્યુઅલ પેરા–૨૫૪ મુજબ વારસા પ્રમાણપત્ર મેળવવા બાબત અરજ કરેલ છે અને જે અન્વયે બોમ્બે રેગ્યુલેશન – **VIII,** ૧૮૨૭ કલમ–૨ તથા સિવિલ મેન્યુઅલ પેરા–૨૫૪ અંગેની કાયદાકિય જોગવાઈ નીચે મુજબ છે.

**<u>બોમ્બે રેગ્યુલેશન – VIII, ૧૮૨૭ કલમ–૨</u>**

2. First,- But if an heir, executor or administrator is desirous of having his right formally recognized by the Court, for the purpose of rendering it more safe for persons in possession of, or indebted to, the estate to acknowledge and deal with him, the Judge, on application, shall issue a proclamation, in the form contained in Appendix A, inviting all persons who dispute the right of the applicant to appear in the Court within one month from the date of the proclamation and enter their objections, and declaring that, if no sufficient objection is offered, the Judge will proceed to receive proof of the right of the applicant, and if satisfied, grant him a certificate of heirship, executorship or administration.

**<u>સિવિલ મેન્યુઅલ પેરા–૨૫૪</u> –**

વારસાહક્ક પ્રમાણપત્ર અધિનિયમ (સન ૧૮૮૯ નાં ૭માં) ની કલમ–૨૬(૧) હેઠળ કાઢેલ અને, સને ૧૯૫૩ ની આવૃતિનાં સેન્ટ્રલ એક્ટ, વોલ્યુમ–૧ હેઠળ મુંબઈ લોકલ રૂલ્સ એન્ડ ઓર્ડરનાં પાના ૧૨૫૯ ઉપર છાપેલ તારીખ ૨૫મી ઓક્ટોબર, ૧૮૯૦ નાં સરકારી જાહેરનામા નંબર ૫૮૬૧ પ્રત્યે ધ્યાન દોરવામાં આવે છે, જેના હેઠળ આ રાજ્યનાં તમામ સિવિલ જજોને સદરહું અધિનિયમનાં હેતુ માટે, જીલ્લા કોર્ટનાં કાર્યો સોંપવામાં આવેલ છે. સને–૧૮૨૭ નાં મુંબઈ રેગ્યુલેશન, ૮ ની કલમ–૨ હેઠળ કરેલી અરજીઓની સુનાવણી માટેની સત્તા સાથે કરેલ સિવિલ જજોને પણ જાહેરનામું લાગુ પડે છે.
વારસાહક્ક પ્રમાણપત્ર અધિનિયમ, ૧૮૮૯ રદ્દ કરવામાં આવ્યો હોવા છતાં તારીખ ૨૫ મી ઓક્ટોબર, ૧૮૯૦ નું જાહેરનામું, સામાન્ય કલમ અધિનિયમ, ૧૮૯૭ ની કલમ–૨૪ ની રૂએ અમલમાં ચાલુ રહે છે.
સને ૧૮૨૭ ની રેગ્યુલેશન ૮ ની કલમ–૨ હેઠળની અરજી, સિવિલ જજે સીધી અથવા જીલ્લા જજ જ્યારે ટ્રાન્સફર કરે ત્યારે દાખલ કરી શકે.

6. ઉપરોક્ત જોગવાઈઓ જોતાં જ્યારે કોઈ ગુજરનાર વ્યક્તિ પોતાની માલિકી કબજા ભોગવટાની સ્થાવર તેમજ જંગમ મિલકત ધરાવતા હોય ત્યારે સદરહું ગુજરનારની મિલકત બાબતે વારસા પ્રમાણપત્ર મેળવનાર વ્યક્તિએ બોમ્બે રેગ્યુલેશન–૮, ૧૮૨૭ ની કલમ–૨ મુજબ જે તે વ્યક્તિ ગુજરી ગયેલ છે અને તે વ્યક્તિનાં નામે સ્થાવર તેમજ જંગમ મિલકત આવેલ છે. તેવું પ્રથમદર્શનિય રીતે પુરવાર કરી સદરહું મિલકત બાબતે ઉપરોક્ત જોગવાઈ મુજબ સબંધીત કોર્ટમાં

વારસા પ્રમાણપત્ર મેળવવા માટે અરજી કરી એક મહીનાની મુદતમાં સદરહું અરજી બાબતે જાહેર જનતા પાસેથી વાંધાઓ મંગાવતી જાહેર નોટીસ દૈનિક વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ કરાવી કોઈ વાંધો કે વિરોધ ન આવે તો અરજદાર સદરહું મિલકતની હેરશીપ, એક્સીક્યુટરશીપ કે એડમીનીસ્ટ્રેટરશીપ અંગેનું પ્રમાણપત્ર મેળવવા માટે હક્કદાર બને છે અને સદરહું મિલકતનાં માલિકી હક્ક અરજદારને પ્રાપ્ત થતો નથી. પરંતુ, સદરહું મિલકતનો વહીવટ કરવા માટેનાં હક્કો અરજદારને પ્રાપ્ત થાય છે.

7. સદરહું અરજી લગત હાલનાં કામનાં અરજદારે પોતાની અરજી સાથે ગુજરનાર હસમુખભાઈ શંભુભાઈ ભેસાણીયાનો મરણનો દાખલો આંક–૧૦ થી રજુ કરેલ છે. તેમજ અરજદારે આંક–૧૩ થી પેઢીનામું રજુ કરી વારસદારો જાહેર કરેલ છે. જે વંચાણે લીધુ. આમ, સદરહું દસ્તાવેજોને ધ્યાને લેતાં ગુજ.હસમુખભાઈ શંભુભાઈ ભેસાણીયા તા.૨૪/૦૩/૨૦૧૭ નાં રોજ ગુજરી ગયેલ હોવાનું ફલીત થાય છે. વધુમાં, ઉપરોક્ત જણાવ્યા મુજબની મિલકત હાલનાં કામનાં ગુજરનાર હસમુખભાઈ શંભુભાઈ ભેસાણીયાનાં નામે તેઓની માલિકી કબજો ભોગવટા તરીકે ચાલતી હોવા બાબતે રજીસ્ટર વેચાણ દસ્તાવેજની પ્રમાણીત નકલ આંક–૧૧ થી રજુ થયેલ છે. તેમજ ગામ નમુના નં.૨ આંક–૧૨ થી રજુ થયેલ છે. જે દસ્તાવેજ અંગે કોઈ તકરાર પણ સદર કામે ઉપસ્થિત થયેલ નથી. વધુમાં, સદરહું કામે ગુજરનારનાં વારસદારોએ આંક–૦૬ તથા ૦૭ થી સદરહું મિલકત બાબતે સદર કામની અરજીમાં રજુ કરવામાં આવેલ શેડ્યુલ / પરીશીષ્ટ મુજબ હેરશીપ સર્ટીફિકેટ અરજદારનાં નામે ઈશ્યુ કરવામાં આવે તો તે અંગે કોઈપણ પ્રકારનો વાંધો તકરાર કે વિરોધ ન હોવાની હકીકતો જાહેર કરી કોર્ટ રૂબરૂનું સોગંદનામુ રજુ કરેલ છે. જેથી સદરહું સોગંદનામામાં જણાવેલ હકીકત નહીં માનવાને કોઈ કારણ જણાઈ આવતુ નથી. આમ, અરજદાર તરફે રજુ થયેલા દસ્તાવેજો તથા ગુજરનાર હસમુખભાઈ શંભુભાઈ ભેસાણીયાનાં વારસદાર સોગંદનામાને ધ્યાને લેતાં તેમજ તેમના નામે આવેલ મિલકત અંગેનાં

દસ્તાવેજોને ધ્યાને લેતાં હાલના કામનાં અરજદાર માંગ્યા મુજબનું હેરશીપ સર્ટીફિકેટ મેળવવા માટે હક્કદાર બને છે. વધુમાં, નામદાર ઉપલી અદાલતોનાં ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલા સિદ્ધાંતોને ધ્યાને લેતાં સ્થાવર મિલકતનાં સંદર્ભમાં અરજદાર હેરશીપ સર્ટીફિકેટ મેળવવા હક્કદાર બને છે. તે તમામ હકીકતો અને જોગવાઈઓને ધ્યાને લેતાં સદરહું અરજી લગત નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આ ખ રી હુ ક મ ::–**

1. અરજદારની અરજી આથી મંજુર કરવામાં આવે છે.
2. અરજદારએ શેડ્યુલમાં દર્શાવેલ મિલકતની બજાર કિંમતનાં આધારે કાયદાનુસારની કોર્ટ ફી / સ્ટેમ્પ ડ્યુટી ભર્યેથી Bombay Regulation VIII of 1827 માં જણાવ્યા નમુના પ્રમાણે **શેડ્યુલમાં માંગ્યા મુજબની મિલકતનું હેરશીપ સર્ટીફિકેટ/વારસા પ્રમાણપત્ર ઈસ્યુ કરી આપવાનો હુકમ કરવામાં આવે છે.**
3. અરજદારએ ગુજરાત કોર્ટ ફી અધિનિયમ, ૨૦૦૪ ની કલમ–૨૯ માં જણાવ્યા મુજબ અરજી વિષયક મિલકતની હાલની બજાર કિંમત આધારે પહેલી અનુસુચીનાં આર્ટીકલ–૧૦ માં જણાવ્યા મુજબની કોર્ટ ફી રજુ કર્યેથી કચેરીએ હુકમ મુજબનું સર્ટીફિકેટ ઈસ્યુ યાને કે જારી કરવાનો હુકમ કરવામાં આવે છે.
4. સદર હુકમ ફક્ત સ્વીકૃત વારસદાર વિશે આપવામાં આવેલ હોય અને કોઈ પક્ષકારોનો ટાઈટલ નિર્ણિત કરવા માટે આપેલ ન હોય જેથી પ્રવર્તમાન કોઈ કાયદાના અનાદર / ભંગ બદલની કે હક્ક, હિત, હિસ્સો નિર્ણિત કરતી કોઈ કાર્યવાહીને સદર ચુકાદો બંધનકર્તા / અસરકર્તા બનશે નહીં.

હુકમ તારીખ–૧૭ મી માહે જુન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૭/૦૬/૨૦૨૬
પડધરી

**(કુ.શ્રદ્ધા એન. ફાળકી)**
**પ્રિન્સિપાસ સિવિલ જજ**
**પડધરી, જી.રાજકોટ,**
**UID GJ–1579**